| Newspaper | Page No. | Date |
| --- | --- | --- |
| Ham Nava | 04 | 16-07-2014 |

# એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વાડીનારમાં માતા અને બાળ દેખરેખ કેન્દ્રનું સેવા વિસ્તરણ

જામનગર તા. ૧૪: એસ્સાર ફાઉન્ડેશનના સામુહિક આરોગ્ય યોજના અંતર્ગત સામાજિક સેવા પ્રવૃત્તિમાં વધુ એક સેવાની યશકલગી ઉમેરાઈ છે. જેમાં વાડીનારમાં માતા અને બાળ દેખરેખ કેન્દ્રમાં વધારે સેવાઓ ઉમેરી રહ્યાં છે. અત્યાર સુધી એક બાળરોગ અને સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા સામાજિક સેવાઓ પૂરી પાડવામાં આવી હતી, હવેથી આ સેવાઓમાં એક આંખના અને દાંતના નિષ્ણાતની સેવાનો ઉમેરો કરવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે જામનગરના સંસદ પૂનમબેન માડમના હસ્તે કેન્દ્રનો મરામત અને નવીનીકરણના મુહૂર્ત સાથે અન્ય સેવાઓના વિસ્તરણની જાહેરાત કરવામાં આવી હતી. તદ્ઉપરાંત આ પ્રસંગે એક વિશાળ આરોગ્ય શિબિરનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ઓર્થોપેડીક્સ, સ્ત્રીરોગ નિષ્ણાત, બાળરોગ અને નેત્રનિષ્ણાતો એવા ૨૧ ડોક્ટરોની ટીમ હતી. જેઓએ આસપાસનાં ગામોનાં લગભગ ૩૫૬ જેટલા દર્દીઓની મફત ચકાસણી અને દવાઓની સેવાઓ પૂરી પાડી હતી.

આ પ્રસંગે તબીબી સેવાઓ અને અન્ય સમાંતર કાર્યક્રમોમાં સમૂહ સિવાય, રોગનાશક પાસાંના દષ્ટિએ સેવાઓનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. એટલુ જ નહીં પરંતુ રોગનિવારક પાસાઓની પણ કાળજી લેવામાં આવી હતી. આ પ્રસંગે બીમારીઓ વિશે વર્ષ દરમ્યાન સંદેશાત્મક જાગૃતિ સત્રોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પૂનમબેન માડમ દ્વારા એસ્સાર ઓઈલ લિ.ના વર્ષ ૨૦૧૩-૧૪નો સીઆરઆરના વાર્ષિક રિપોર્ટ પણ પ્રક્ષેપણ કરાયો હતો.

પૂનમબેન માડમને રાજકીય ક્ષેત્રમાં ઉજાગર થવા અંગે તથા ડૉ. પી.બી. વસોયા, જામનગર જિલ્લા પંચાયત પ્રમુખને જામનગર જિલ્લાના નોંધનીય વિકાસ માટે તેમના યોગદાન બદલ સન્માનીત કરવામાં આવ્યા હતાં. તે ઉપરાંત ડૉ. [illegible]બેન પટેલ (ઈનચાર્જ ડીન-ડેન્ટલ કોલેજ), ડૉ. મહેતા (બિન સંચારી રોગોના નિષ્ણાત), ડૉ. પ્રશાંત તન્ના (બાળરોગ નિષ્ણાત), ડૉ. બીજલ શાલીન પટેલ (સ્ત્રીરોગ નિષ્ણાત), ડૉ. પૂજા પટેલ (દંત ચિકિત્સક) અને ડૉ. ડી.પી. પંડ્યા (નેત્રરોગ ચિકિત્સક) વિગેરેએ તેમના સંબંધિત ક્ષેત્રોમાં તેમના સમર્પણ અને લાંબાગાળાના યોગદાન બદલ સન્માનીત કરવામાં આવ્યા હતાં. વાડીનાર સરપંચ કાસમભાઈ અને ભરાણાના સરપંચ હુસેનભાઈ તથા વાડીનારના આગેવાન સી.આર. જાડેજા તથા અન્ય આગેવાનોએ પણ હાજરી આપી હતી.

એસ્સાર ઓઈલ લિ. અને ઈન્ડિયન ઓઈલ લિ.ના ઉચ્ચ અધિકારીઓ સહિત એસ્સાર ઓઈલ લિ.ના ડાયરેક્ટર સી. મનોહરન, એસ્સાર ઓઈલ લિ.ના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ શ્રી નારદા સીંગ અને શ્રી રાજુ રામ, ચિફ ઓપરેશન મેનેજર, ઈન્ડિયન ઓઈલ લિ. વિગેરેએ આ પ્રસંગની ખૂબ પ્રશંસા કરી અને ભવિષ્યમાં સંયુક્ત સહયોગથી વધુ કાર્યક્રમો થાય તેવા વિચારો વ્યક્ત કર્યાં હતાં. અન્ય અધિકારીઓમાં આર.કે. સોધી (પર્યાવરણ વડા-એસ્સાર ઓઈલ લિ.), શ્રી કે. મોટલા (સીઆરજીના વડા-એસ્સાર ઓઈલ લિ.) તથા ગામના લોકો સહભાગી બન્યા હતાં.